

## વિષય : વિદ્યાર્થી, વાલી અને શિક્ષક સાથેના મારા સુખદ અને દુ:ખદ અનુભવો.

**એલીઝાબેથ ક્રિસ્ટી**
(મ.શિ. પૂર્વ-પ્રા. ગુ.મા.)

નારાયણ વિદ્યાલયમાં જૂની શાળાથી લઇ નવી શાળાસુધીનો ૨૫ વર્ષનો મારો કાર્યકાળ જેમાં ઘણા બધા સારા અનુભવો થયા. જેમા વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે મારા ખૂબ જ સારા સુખદ અનુભવો રહયા છે.આટલા બધા વર્ષો વીત્યા પછી મને કયારેય લાગ્યુ નથી કે હું આ શાળામાં ફકત એક શિક્ષક  છું. વાલીઓ અને મારા શિક્ષક મિત્રો સાથે હંમેશા મારા એક પરિવાર તરીકેના ગાઢ સંબધો રહયા છે. જે આજે પણ કાયમ છે. અને આ શાળામાંથી વિદાય લીધા પછી પણ હમેશાં રહેશે.મને હમેંશા વિદ્યાર્થીઓ અને મારા શિક્ષક મિત્રો તરફથી ખૂબ જ સારો સહકાર પ્રેમ મળ્યો છે. જે હું કયારે ભૂલી શકુ તેમ નથી. મારા ૨૫ વર્ષના કાર્યકાળ દરમ્યાન સાથ સહકાર આપવા બદલ તમામ શાળા પરિવારને ખૂબ ખૂબ આભારી છું.

---



## વિષય : ભારતના ઉત્સવ, ઊજવણી અને ગીતો

**રાઠોડ ધૃતિ. એસ**
(મ.શિ. પૂવં પ્રાથમિક)

આપણો દેશ બિનસંપ્રદાય દેશ હોવાના કારણે ભારત દેશમાં ઘણા બધા વિવિધ પ્રકારનાં ઉત્સવોની ઊજવણી કરવામાં આવે છે. (૧) જમ્મુ કશ્મીરમાં હેમિસ ફેસ્ટીવલ થતા હત, પણ તિબેટમાં થાય છે.(૨) પંજાબમાં:- હોલ્લા મોહલ્લા  (૩) બિહારમાં:- છઠ પૂજા (૪) મણીપુરમાં :- ચાઓસાંગ (૫) મહારાષ્ટ્રમાં :- બૈલ પોળા (૬) કર્ણાટકામાં :- કોલા ઉત્સવ આ તહેવારોની અલગ અલગ માન્યતા અલગ અલગ ઊજવણી અને તેના ગીત સંગીત હોય છે.પણ આ તહેવારોને જોઇને એટલું તો શીખવા મળે છે, કે આજે પણ આ ઉત્સવનો ખૂબ મહિમા હોય છે અને આ ઉત્સવમાં આખું ગામ કે શહેર એકત્રિત થાય છે, અને આનંદ કરે છે. તો આપણે આ ઉત્સવને બાળકોને બતાવી તેને ગીતો સંભળાવીને તહેવારોની માહિતી આપી શકાય .જેથી બાળકોમાં પણ  ઉત્સવ પ્રિયતાની સાથે પારંપરિક અને સાંસ્કૃતિક મહત્વ સમજાવી શકાય.

---



## વિષય : બે વાર્તા, બે ભજન, બે ગીતો અને બે શ્લોકો નું પ્રેઝન્ટેશન

**રાઠોડ રેખાબેન.એસ**
(મ.શિ. પૂવં પ્રાથમિક)

**શ્લોક :** વિવિધ શ્લોકના ગાન દ્વારા બાળકોમાં શ્લોકનું મહત્વ અને  હિન્દુ સંસ્કૃતિનું મહત્વ સમજાવવું.

**ભજન :** અચ્યુતમ્ કેશવમ્ રામ નારાયણ, વૈષ્વજનતો તેને કહિએ જે પીડ પરાઇ જાણે જેવા ૧૫મી સદીના પૌરાણીક ભજન દ્વારા બાળકોમાં સારા માનવી તરીકેના સંસ્કારનું સિંચન થાય છે.

**વાર્તા :** ગિજુભાઇ બધેકાની ‘બીકણ સસલી’ જેવી વાર્તાઓ કે જેના થકી જુદાં જુદાં દ્રષ્ટાંતો આપી કયારે પણ જીવનમાં આંધળુ અનુકરણ કરવું નહી જાતે જોઇ સમજી વિચારી નિર્ણય લેવાં.

**ગીતો :** વાર, તહેવાર, ઋતુઓ, સારી  ટેવો અને ભણતરને લગતા જુદાજુદા ગીતો થકી બાળકોને ભણાવાની ખૂબ મજા આવે છે.

આજના આધુનિક યુગમાં જયારે આપણા હિન્દુ સંસ્કૃતિનું જ્ઞાન બાળકોમાં ઓછુ થઇ રહ્યું છે, ત્યારે એક શિક્ષક તરીકે આપણે શ્લોક, ભજન, વાર્તા, ગીતો દ્વારા બાળકોના જીવનમાં હિન્દુ સંસ્કૃતિ અને તેના મહત્વને  સ્થાપિત કરી શકીએ  છીએ.

---



## વિષય : ગુજરાતના ઉત્સવ, તહેવારો અને ગીતો

**જાદવ દિપીકા ટી.**
(મ.શિ. પૂર્વ-પ્રાથમિક)

**સારાંશ :** એક ધારા જીવનથી જયારે કંટાળાનો અનુભવ થવા લાગે ત્યારે ઉત્સવોનું આગમન મનુષ્ય માત્રના જીવનમાં નવી ઉર્જાનો સંચાર કરે છે. ગુજરાતના લોકો ઉત્સવ પ્રિય છે. ઉત્સવ અને લોકો વચ્ચે અનન્ય સંબંધ છે.  કુટુંબ અને સમાજ વચ્ચે એકતા અને સંવાદિતાની સ્થાપના કરવાનું અને રુંકાર્ય કરે છે. ખરેખર ઉત્સવ એટલે આનંદ અને ઉત્સાહનું આગમન ભારતમાં જેમ વિવિધતામાં એકતા જોવા મળે છે. તેવી જ રીતે ગુજરાતમાં પણ વિવિધતામાં એકતા જોવા મળે છે.લોકો વસુધૈવ કુટુંબકમની ભાવના સાથે વિવિધ તહેવારો ઉજવતા હોય છે.

(૧) દિવાળી : હિંદુઓનો મુખ્ય તહેવાર છે. અને નવું વર્ષ કહેવામાં આવે છે. (૨) નવરાત્રી માંતાજીની ભકિત સાથે નવરાત સુધી ગરબા રમવાનો સૌથી લાંબો ચાલતો તહેવાર છે. (૩) હોળી : મન ભેદ મતભેદ ભૂલી રંગ-ગુલાલથી રમવાનો તહેવાર (૪) રથયાત્રા : પુરી પછી અમદાવાદ અને ભરુચમાં ઉજવાતો ભવ્ય તહેવાર છે. (૫) મેઘઉત્સવ : ભરુચમાં ભોઇ સમાજ દ્વારા શ્રાવણ માસમા ઉજવાતો મેઘ ઉત્સવ ખૂબ જ અનેરો અને જોવા લાયક છે.



## વિષય : ડિજીટલ માર્કેટીગ

પટેલ જલ્પા ઉમેશ
(હેડ કલાર્ક-વહીવટી)

આજના આ ડિજીટલ યુગમાં આપણે બધા જ આ ડિજીટલ શબ્દથી પરિચિત છીએ. જેમકે Digital India, Digital School વગેરે પોતાના વ્યવસાયને Digital કરવા જઇ રહ્યા છે. Digital Gujarat Portal પર ગુજરાતની તમામ માહિતી મેળવી શકાય છે.

પણ ડિજીટલ શું છે? તો ડિજીટલ શબ્દએ ઇન્ટરનેટ સાથે સંકળાયેલ છે. ઇન્ટરનેટ માર્કેટીગ, Online માર્કેટીગને પણ Digital Marketing કહી શકાય. ઇન્ટરનેટ શબ્દથી તો આપણે બધા જ પરિચિત છીએ. કેમકે આપણા જીવનમાં તેનું ખૂબ જ મહત્ત્વ છે. અને ઇન્ટરનેટનો ઉપયોગ પણ આપણા જીવનમાં વધી રહ્યો છે. July 24 ના વૈશ્વિક સર્વેમાં 545 અબજ ઇન્ટરનેટ વપરાશ કર્તા છે.

ઇન્ટરનેટ દ્વારા આપણે જે પણ વ્યવસાય સાથે જોડાયેલા હોય તે વ્યવસાયમાં સાર્થક પરિણામ મેળવવા માટે Digital Marketing એ એક સફળ પ્લેટફોર્મ પૂરું પાડે છે. ડિજીટલ માર્કેટીગએ કોઇપણ પ્રકારનું માર્કેટીગ છે જે મોબાઇલ, લેપટોપ, ઇન્ટરનેટ વગેરેની મદદથી ઓનલાઇન થાય છે. જેમાં તમે તમારી Product કે સેવાઓને ટેકનોલોજીની મદદથી Advertise કરી શકો છો.

પહેલાના જમાનામાં લોકો એમની પોતાની Advertise કરવા માટે પોસ્ટર અને રસ્તા પર બેનર, ટીવી પર Advertise ન્યૂઝ પેપરમાં Pam plate વગેરે દ્વારા કરતાં હતાં. હવે આજ બધી Advertise ઇન્ટરનેટ દ્વારા Digital Marketing કરી શકાય છે.

- ❖ Object of Digital Marketing : Increase Direct Sales, Improve Conversion rate, Parentage of Return Visitor, Traffic Volume, Reduce Bounce rate.
- ❖ ડિજીટલ માર્કેટીગના ફાયદા: ગ્લોબલ રીર્ચ, લોઅર કોસ્ટ, મેજરેબલ રીઝલ્ટ, Personalisation, Openss , Social curnecy, Improve Convension rate.
- ❖ ડિજીટલ માર્કેટીગના ગેરફાયદા: સ્કીલ એન્ડ ટ્રેનીગ, ટાઇમ કન્ઝ્યુમર, હાઇ કોમ્પીટીશન, Complaints & Feedback, Security & Privacy Issue.
- ❖ Contents of Digital Marketing: Search Engine optimization, Content Marketing, Social Media, Pay per click, Affiliate marketing, Email Marketing.

---



## વિષય : મારા ડી.ઇ.ઓ કચેરી તથા ગાંધીનગરની કચેરીના અનુભવો

આર. ડી. પટેલ
(વહીવટી વિભાગ, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ)

જિલ્લા શિક્ષણાધીકારી કચેરી, ભરૂચ ખાતે તા. ૧/૫/૨૦૦૩ થી એક મદદનીશ શિક્ષક નિરીક્ષક તરીકેની શરૂઆત કરી હતી. જેમાં જિલ્લામાં આવેલ તમામ શાળાઓનુ વાર્ષિક નિરીક્ષણ તથા શાળા દ્વારા કરવામાં આવતી તમામ પ્રવૃતિઓનુ નિરીક્ષણ કરવા મળેલ છે. જેમાં કેટલાક સારા તથા કેટલાક ખરાબ અનુભવો થયેલ છે. ગામડામાં ચાલતી માદયમિક શાળામાં આવતા બાળકોની પરિસ્થિતિ તથા તેઓ કેવી રીતે પોતાનો અભ્યાસ કરે છે. તેની માહિતી મેળવી શકાય છે. ઓફિસ દ્વારા લેવામાં આવનાર તમામ પરીક્ષાઓનુ સફળ સંચાલન કરવુ એ મુશ્કેલ કામ હોય છે. વાલીઓ તથા બાળકોને અન્યાય ન થાય તેવી કામગીરી કરવા ની તક મળી જે સંપૂર્ણ રીતે૩૧/૧૦/૨૦૧૮ સુધી નિભાવી.

ગાંધીનગરની કચેરીઓમાં વારંવાર જવાનુ થયેલ ત્યાંના કર્મચારીઓ સાથે કામનો સમન્વય સાધવો આમ તો કોઇપણ માણસ માટે મુશ્કેલ કામ હોય છે. પરંતુ જો સંબંધ સારા હોય તો કામ સરળતાથી પુર્ણ કરી શકાય છે. આમ સમગ્ર સમયગાળા દરમ્યાન કરેલ કામગીરીથી અધિકારી તથા સાથી કર્મચારીઓમાં સહકારથી સંતોષ આપેલ છે. કચેરી તથા શાળાઓના તમામ કર્મચારીઓની મુશ્કેલીનુ નિવારણ કરવાનો પ્રયત્ન કરેલ છે.

**આજનો યુગધર્મ બાળકની કેળવણીમાં આમૂલ પરિવર્તન ઝંખે છે. આવું પરિવર્તન શક્ય બનાવે તેવી બાળ કેળવણીની વિચારસરણી વિકસાવવી જોઈએ.**

**શાળાના તેજસ્વી તારલાઓથી શાળાનું ભવિષ્ય ઉજ્જવળ બને છે. જેથી શાળા પરિવાર ગર્વ અનુભવે છે.**